# અંબાજી યાત્રાધામ ચાર દિવસથી સજ્જડ બંધ

## અંબાજી મંદિરની ભોજનાલયમાં અંદાજે ૩૫ હજાર ભક્તોએ ભોજન કર્યું, ઘરપકડ કરાયેલા ૯ વેપારીઓના જામીન ફગાવાયાં

શક્તિ ,ભક્તિ અને આસ્થા ના ત્રિવેણી સંગમ એટલે શક્તિપીઠ અંબાજી , અંબાજી ધામ મા ૨ દિવસ બાદ ભાદરવી મહાકુંભ શરુ થઈ રહયો છે ત્યારે અંબાજી ધામ પ્લાસ્ટીક ના વિવાદ ને લઈ છેલ્લા ચાર દિવસ થી સજ્જડ બંધ છે આજે પણ વહીવટી તંત્ર તરફથી અંબાજી ધામ ખુલે તેવા કોઈ પ્રયાસ થયા નથી અને અંબાજી આવતા માઈ ભક્તો ને જમવા માટે અને બીજી જીવન જરૂરી વસ્તુ માટે ભારે તકલીફો નો સામનો કરવો પડી રહ્યો છે ત્યારે અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ તરફથી અંબાજી આવતા તમામ માઈ ભક્તો માટે માત્ર ૧૬ રૂપિયા ના નજીવા દરે અંબિકા ભોજનાલય મા અનલિમિટેડ ભોજન આપવામાં આવે છે આજે પણ ભક્તો ભોજન કરવા અંબાજી ભોજનાલય માં આવ્યા હતા ,ભોજનાલય ના સત્તાધીશો તરફથી અપાયેલી માહિતી પ્રમાણે કુલ ૪ દિવસ માં અંદાજે ૩૫ હજાર કરતા વધુ ભક્તો એ માતાજી ની ભોજનાલય મા ભોજન ગ્રહણ કર્યું હતુ.





અંબાજી ધામ મહામેળા ને લઈ સજ્જડ બંધ છે ત્યારે અહીં આવતા માઈ ભક્તો પણ ભારે હેરાન થયા છે ત્યારે અંબાજી મંદિર ની ભોજનશાળા તેમના માટે આશીર્વાદ સમાન છે છેલ્લા ૪ દિવસ થી અંબાજી ધામ પ્લાસ્ટિક ને લઈ બંધ છે ત્યારે પોલીસ તરફ થી ૨૦ લોકો પર એફઆઈઆર કરી ૯ લોકો ની ઘરપકડ કરવામા આવી હતી વેપારીઓ ની માંગ છે કે ઘરપકડ કરાયેલા લોકો ને તાત્કાલિક મુક્ત કરવામાં આવે અને પ્લાસ્ટિક મા અમને રાહત આપવામાં આવે ત્યારે બંધ દરમિયાન અંબાજી આવેલા ભક્તો માટે ભોજનાલય માં ભક્તો ની લાંબી લાંબી લાઈનો લાગી હતી અને ભક્તો અહીં જમી ખુશ થયા હતા આજે પણ સાંજે ખોડિયાર ચોક માં વેપારીઓની જાહેર મિટિંગ મળી હતી અને આગળ ની રણનીતિ નક્કી કરવામા આવશે તેવું જાણવા મળ્યુ હતું આ ઘટના માં પોલીસ તરફથી કુલ ૨૦ લોકો ને આરોપીઓ બનાવવામાં આવ્યા છે જે પૈકી ૯ લોકો ની ઘરપકડ કરવામાં આવી છે અને બીજા ૧૧ વેપારીઓની ઘરપકડ બાકી છે.

## અંબાજીમાં આવેલા રાધાકૃષ્ણ મંદિરમાં પ્રથમવાર ૧૦૧ કિલોનો મહાલાડુ ધરાવાયો



અંબાજી, તા. ૧૭

શક્તિ ,ભક્તિ અને આસ્થા નો જ્યાં એકસાથે ત્રિવેણી સંગમ નો સંયોગ થાય છે તે શક્તિપીઠ અંબાજી સરસ્વતી નદી કિનારે વસેલું માં અંબાનું પ્રાચીન તીર્થ છે. આ ધામમાં મા-અંબાના ભક્તો અંબાજી માતાજીના દર્શન કરવા આવે છે અને દર્શન કરીને ધન્યતા અનુભવે છે અંબાજીમાં આ સિવાય વિવિધ ભગવાનના મંદિરો આવેલા છે જે પૈકી રાધા કૃષ્ણ મંદિરમાં ભક્તગણ દ્વારા ૧૦૧ કિલોનો મહાલાડુ નો ભોગ ધરાવવામાં આવ્યો હતો.

અંબાજીના માનસરોવર પાસે આવેલા રાધા કૃષ્ણ મંદિર માં ભક્તગણ દ્વારા ૧૦૧ કિલો બુંદી નો લાડુ ધરાવવામાં આવ્યો હતો અને મહા આરતી કરવામાં આવી હતી, કૈલાશ ટેકરીના મહારાજ દ્વારા ભગવાન ગણેશની મહાઆરતી ઉતારવામાં આવી હતી જેમાં મોટી સંખ્યામાં ભક્તોએ લાભ લીધો હતો, અંબાજી મહિલા મંડળની બહેનોએ પણ દર્શનનો લાભ લીધો હતો. અંબાજીના અગ્રવાલ પરીવાર દ્વારા પણ યોગદાન આપવામા આવ્યુ હતુ અને તમામ સમાજના ભક્તોએ અહીં ભગવાન ગણેશના દર્શન કરી ગણપતિ બાપા મોરીયાના નાદથી વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું. આ ઉત્સવ માં મહાદેવ યુવા મિત્ર મંડળ અને નીલકંઠ મહાદેવના સહયોગથી ગણપતિ ઉત્સવ ભારે ધુમધામથી ઉજવવામાં આવ્યો હતો ત્યારબાદ આ ગણપતિ દાદાનું વિસર્જન છાપરી નદીમાં કરાયું હતું દેવેન્દ્રભાઈ અગ્રવાલ, રિતિક સરગરા, સંદીપ અગ્રવાલ અને બીજા ભક્તો એ ભારે જહેમત ઉઠાવી કાર્યક્રમ ને સફળ બનાવ્યો હતો.

## કાંકરેજ તાલુકાના સાત બીએલઓને બુથ ઉપર હાજર ન રહેતાં નોટિસ

કાંકરેજ તાલુકાના ગામડાઓમાં મતદાર યાદીમાં નામ દાખલ કરવામાં તેમજ સુધારા વધારા કરવાની સૂચના આપવામાં આવી હતી ગામની પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા શિક્ષકો ને બી.



એલ. ઓ ની નિમણુંક આપી ચૂંટણી ની કામગીરીકરવાની હોય છે ત્યારે આવા શિક્ષકો દ્વારા પોતાની મનમાની અથવા કોઈ અન્ય કારણસર બુથ ઉપર હાજરી આપી ન શક્યા તેવા સાત જેટલા શિક્ષકો ને બનાસકાંઠા જિલ્લા પુરવઠા અધિકારી અને ચૂંટણી અધિકારીચાવડા તથા કાંકરેજ મામલતદાર સજ્જનસિંહ ચૌહાણ એ કુવારવા ના બે શિક્ષકો અને વડા ના બે શિક્ષકો તેમજ માનપુર. થરા.ડુંગરાસન ના એક એક શિક્ષક તરીકે બી. એલ ઓ નો ચાર્જ સંભાળતા કુલ સાત કર્મચારીઓ સામે કાયદાકીય રીતે નોટિસ ફટકારી લેખિત માં ખુલાસો માંગતા હડકમ્પ મચીજવા પામ્યો હતો અને ફરજિયાત કામગીરીમાં આવી ગુલ્લી મારતા બી એલ ઓ નો પર્દાફાશ થયો હતો આમ ચૂંટણી અધિકારી ચાવડા દ્વારા કરવામાં આવેલ કડક કાર્યવાહી થી આવા ગેર હાજર રહેતા શિક્ષકો માં ફફડાટ ફેલાયો હતો જોકે લોકસભાની ચૂંટણીઓ ના પડઘમ વાગી રહ્યા છે ત્યારે આવી બેદરકારી તંત્ર દ્વારા કોઈપણ વ્યક્તિ સાથે ચલાવી શકાય નહીં કારણ કે લોકોને જાણકારી આપી શકાય અને બાકી રહેલા લોકોને સુધારો વધારો થઈ શકે અને નવા નામો દાખલ કરવામાં આવે તેવા પ્રયત્નો સરકાર દ્વારા હાથ ધરવામાં આવે છે અને આવા સંજોગોમાં ગુલ્લી બાજ બી. એલ. ઓ.આવી બેદરકારી દાખવે તેમને સજા થવી જોઈએ તેવું લોકો નું માનવું છે



### પાલનપુરમાં શ્રીફળની છાલમાંથી ગણપતિનો પરિવાર લક્ષ્મણ ટેકરી કા મહારાજાએ જમાવ્યું આકર્ષણ....

સમગ્ર ભારતમાં ગણપતિ મહોત્સવની ઉજવણી થઈ રહી છે ત્યારે જીલ્લા મથક પાલનપુરના લક્ષ્મણ ટેકરી વિસ્તારમાં ૧૦ ફૂટ ઊંચા અનોખા ગણપતિને બિરાજમાન કરાયા છે. છેલ્લા ૮ વર્ષથી લક્ષ્મણ ટેકરી કા મહારાજા ઉત્સવની પાંચ દિવસ સુધી ધામધૂમ પૂર્વક ઉજવણી કરવામા આવે છે અને ચાલુ વર્ષે લક્ષ્મણ ટેકરી કા મહારાજા પંડાલની વિશેષતાએ છે કે સુપ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી મંદિરમાં ભક્તો જે શ્રીફળ ચડાવે છે તે શ્રીફળની છાલમાંથી ઈકોફ્રેન્ડલી ગણપતિ બનાવવામાં આવ્યા છે તેમજ આ પંડાલમાં ગણપતિની સાથે સાથે તેમની પત્નીઓ રિદ્ધિ-સિદ્ધિ તેમના પુત્રો શુભ -લાભ અને તેમના પુત્રોની પત્નીઓ અને તેમના પૌત્ર અને પૌત્રીઓ એમ ગજાનન ગણપતિ નો આખો પરિવાર અહીં બિરાજમાન છે અહીં સવાર સાંજ ભવ્ય આરતી થાય છે અને રાત્રે ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમો નું પણ આયોજન કરવામાં આવે છે અને ભક્તિ ભાવનું વાતાવરણ સર્જાય છે.




મોડાસા નગરમાંથી આગામી ભાદરવી પૂનમેમા અંબાના દ્વારે માથું ટેકવવા હજારોની સંખ્યામાં માંઇ ભકતોએ અંબાજી તરફ પગપાળા પ્રયાણ શરૂ થઈ ગયું છે. નજીકના પાડોશી જિલ્લા ખેડા, દાહોદ, સંતરામપુર તથા વડોદરા અને રાજસ્થાનમાંથી મોટી સંખ્યામાં અબાલ વૃદ્ધો, સ્ત્રીઓ, નાનાં બાળકો સાથે પસાર થઈ રહ્યા છે. આ પદયાત્રીઓ માટે રોડ ઉપર ઠેરઠેર વિસામાઓ દિવસ-રાત ચા-નાસ્તો ભોજનની સેવાઓ આપી ધન્યતા અનુભવે છે. પોલીસ તંત્ર અને આરોગ્ય વિભાગ રાઉન્ડ ધ કલોક સેવા બજાવી રહ્યો છે. માર્ગો બોલ માડી અંબે જય જય અંબેના નાદોથી ગૂંજી રહ્યા છે.

## મોડાસાના ટાઉન પોલીસ સ્ટેશનની છત ધરાશાયી થતા અફડાતફડી

મોડાસા, તા. ૧૭

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં મુખ્ય બજારમાં આવેલી ગાયકવાડ સમયની હવેલીના મકાનમાં ચાલતા ટાઉન પોલીસ સ્ટેશનની બહારની અને મહિલા પોલીસ સ્ટેશન અને આઈબી કચેરી આગળની જર્જરિત છત ધડાકાભેર ધરાશયી થતા ભારે અફડાતફડી મચી હતી. ધડાકાના અવાજથી પોલીસ કર્મચારીઓ અને આજુબાજુના વ્યાપારીયો અને રાહદારીઓ દોડી આવ્યા હતા. છત ધરાશાયી થતા પાંર્કિંગ કરેલ મોપેડના ભુક્કા બોલાઈ ગયા હતા, સદનસીબે જાનહાની ટળતા જવાબદારતંત્રે હાશકારો અનુભવ્યો હતો અને કાટમાળ ખસેડવાની તજવીજ હાથ ધરી હતી.

મોડાસા ટાઉન પોલીસ સ્ટેશન ગાયકવાડ સમયની હવેલીમાં કાર્યરત છે. મોટાભાગની હવેલી જર્જરિત અવસ્થામાં હોવા છતાં પોલીસ સ્ટેશનના અધિકારીઓ અને કર્મચારીઓ જીવના જોખમે ફરજ બજાવી રહ્યા છે. સોમવારે સવારે મોડાસા ટાઉન પોલીસ સ્ટેશની બહારની અને મહિલા પોલીસ સ્ટેશન અને આઈબી કચેરી આગળની છત ધડાકાભેર ધરાશાયી થતા ધરા ધ્રુજી હોય તેવો અનુભવ પોલીસકર્મીઓ અને દુકાનદારોએ અનુભવ્યો હતો. છત નીચે પાર્ક કરેલ સ્કુટરનો કડૂચલો વળી ગયો હતો.



સદનસીબે પોલીસ કર્મચારી કે અન્ય વ્યક્તિ છત નીચે હાજર ન હોવાથી મોટી જાનહાની ટળી હતી. ધડાકાભેર છત તૂટતાં પોલીસકર્મચારીઓ અને વેપારીઓ અને રાહદારીઓ દોડી આવ્યા હતા છત તૂટી પડતા જવાબદાર તંત્ર દ્વારા કાટમાળ ખસેડવાની તજવીજ હાથ ધરી હતી.

### જર્જરિત હાલત માટે નગરપાલિકાએ નોટિસ આપી હતી કે નહિ...?

મોડાસા નગરપાલિકા તંત્ર દ્વારા પ્રિ મોન્સૂન કામગીરીની ફરજના ભાગરૂપે નગરપાલિકા વિસ્તારમાં આવતા જર્જરિત ઈમારતો અને દુકાનધારકોને નોટિસ આપી નોટિસ પૂરતી કામગીરી કરવામાં આવતી હોવાથી દર વર્ષે ચોમાસામાં મકાન ધરાશાયી થવાની ઘટના બનતી હોવાની સાથે જાનહાની પણ થતી હોય છે, ત્યારે મોડાસા નગરપાલિકા તંત્ર દ્વારા ચાલુ વર્ષે મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનને નોટિસ આપવામાં આવી હતી કે નહિ તે અંગે ચીફ ઓફિસર પ્રણવ પારેખને પુછાતા જોવું પડેનો જવાબ આપી ફાયર વિભાગના કર્મચારીને પૂછવાનું જણાવતા ફાયરવિભાગના કર્મચારી દ્વારા ટાઉન પ્લાનિંગ ઓફિસમાં પૂછીને જવાબ આપું તેમ જણાવ્યું હતું તેમ ગોળ ગોળ જવાબ આપી જવાબદારીમાંથી છટકવાનો પ્રયત્ન કર્યો હતો અને ફોન પણ રિસીવ કરવાનું બંધ કરી દીધો હતો. નગરપાલિકાતંત્ર દ્વારા જર્જરિત મોડાસા ટાઉન પોલીસે સ્ટેશનને નોટિસ આપી હતી કે નહિ અને જો નોટિસ આપી હોય તો જર્જરિત મકાન તોડી પાડવામાં કેમ ના આવ્યું..? આજે બનેલી દુર્ઘટનામાં જાનહાની થઈ હોત તો જવાબદારી કોની..? તેવા અનેક પ્રશ્નો ચર્ચાનું કેન્દ્ર બન્યા છે.




## મેઘરજના રેલ્યો ગામે વાત્રક નદીમાં કાકી-ભત્રીજી ડૂબી જતા ચકચાર

મેઘરજ, તા. ૧૭

અરવલ્લી જીલ્લાના મેઘરજ તાલુકાના રેલ્યો ગામે રવિવારના રોજ ઘરેથી ભેંસો ચરાવવા નીકળેલ કાકી ભત્રીના નદીમાં ડુબી જતા બંનેના મોત નીપજતા પરીવારમાં શોકનો માતમ છવાયો હતો. સમગ્ર ઘટનાને પગલે મોટી સંખ્યામાં ગ્રામજનો દોડી આવ્યા હતા. મેઘરજ પોલીસ પણ ઘટનાસ્થળે પહોંચી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

મેઘરજના રેલ્યો ગામના ગીતાબેન રાઠોડ અને નવ વર્ષની સેજલબેન રાઠોડ બંને રવિવારના રોજ બારેક વાગ્યાના અરસામાં નદી કિનારાના વિસ્તારમાં ભેંસો ચરાવવા ગયા હતા અને નદીમાં રહેલ ભેંસોને બહાર કાઢવા નવ વર્ષની સેજલ પાણીમાં ગઈ હતી અને અચાનક તે ઉંડા પાણીમાં ઘરકાવ થઈ જતા પાણીમાં ડુબવા લાગી હતી અને ભત્રીજીને ડુબતી જોઈ કિનારા પર રહેલ કાકી ગીતાબેન પણ પાણીમાં ગયા હતા તે દરમિયાન કાકી અને ભત્રીજી બંનેના નદીમાં ડુભી જવાથી મોત નીપજ્યા હતા. સાંજે ભેંસો એકલી ઘરે પરત આવતા પરીવારજનોને શક જતા પરીવારજનો બંનેની શોધખોળ આદરી હતી પરંતુ મોડી સાંજ સુધી કાકી ભત્રીજીની કોઈ ભાળ મળી ન હતી અને સોમવારના રોજ વહેલી સવારે બંનેના મૃતદેહો પાણીમાં તરતા જોવા મળતા પરીવારજનોમાં શોકની લાગણી ફેલાઈ હતી.

## પ્રાંતિજ ખાતે અવરઓન બાલમંદિર નવીન મકાનનું ઉદ્ઘાટન કરાયું

### મંડળ સંચાલિત સંસ્થાઓના તેજસ્વી તારલાઓનુ પણ સન્માન કરવામાં આવ્યું

પ્રાંતિજ, તા. ૧૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ પ્રાંતિજ કેળવણી મંડળ સંચાલિત અવરઓન બાલ મંદિરના નવ નિર્મિત થયેલ મકાનનું ઉદ્ઘાટન સાબરકાંઠા-અરવલ્લી સાંસદ દિપસિંહ રાઠોડના હસ્તે કરવામાં આવ્યું હતું. પ્રાંતિજ રેલ્વે સ્ટેશન વિસ્તારમાં આવેલ પ્રાંતિજ કેળવણી મંડળ સંચાલિત વિદ્યા સંકુલ ખાતે અવરઓન બાલમંદિર (ઈંગ્લીશ મિડીયમ) ના નવનિર્મિત મકાનનું ઉદ્ઘાટન પ.પૂ. બળદેવદાસજી તથા સાંસદ દિપસિંહ રાઠોડ દ્વારા કરવામાં આવ્યું હતું. પ્રસંગે કેળવણી મંડળ સંચાલિત સંસ્થાઓના તેજસ્વી તારલાઓના સન્માન પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રાંતિજ-તલોદના ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમાર, ગીતાબેન પટેલ, જયસિંહ ચૌહાણ, જયેન્દ્રસિંહ રાઠોડ, મંત્રી રઈસભાઈ કસ્બાતી, આઈટીઆઈના આચાર્ય હેમંતભાઈ મહેમાનો વાલીઓ સહિત લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.



## ભિલોડા તાલુકાનું મુનાઈ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર જર્જરિત અવસ્થામાં

### ગુજરાત રાજ્ય સરકાર ના આરોગ્ય વિભાગ દ્વારા ગામડે ગામડે આરોગ્ય ની સેવા પહોંચાડવા ની વાતો થાય છે ત્યારે અરવલ્લી જિલ્લા ના અંતરિયાળ વિસ્તારો માં આવેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર માં ફરજ બજાવતા કર્મચારીઓ ના જોખમી નિવાસ અને મમતા ઘર ની હાલ ની સ્થિતિ વિશે જોઈએ એક સ્પેશિયલ અહેવાલ

રાજ્ય સરકાર ના આરોગ્ય વિભાગ દ્વારા રાજ્ય ના તમામ અંતરિયાળ વિસ્તાર અને ગામડે ગામડે આરોગ્ય લક્ષી સેવા છેવાળા ના માનવી સુધી પહોંચે તે માટે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને કર્મચારીઓ ને રહેવા માટે સ્ટાફ ક્વાર્ટસ બનાવાયા છે પરંતુ એક વખત આવા આરોગ્ય કેન્દ્રો અને તેમાં સેવા બજાવતા કર્મચારીઓ ના ક્વાર્ટસ ની હાલત વેશે તંત્ર બિલકુલ દુર્લક્ષ સેવી રહ્યા છે જેના કારણે ગ્રામ્ય વિસ્તરો માં લટકતા મોત વચ્ચે રહી કર્મચારીઓ આજે પણ જોખમી રીતે નિષ્ટા થી પોતાની ફરજ બજાવી રહ્યા છે વાત છે અરવલ્લી જિલ્લા ના ભિલોડા તાલુકા ના અંતરિયાળ અને આદિવાસી વિસ્તાર માં આવેલ મુનાઈ ગામ ના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ના મમતા ઘર અને સ્ટાફ ક્વાર્ટસ ની મુનાઈ ગામ માં આસપાસ ના ૨૫ થી વધુ ગામ ના લોકો ને આરોગ્ય લક્ષી સેવા સરળતા થી મળી રહે તે માટે ૧૯૮૩ માં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર બનાવાયું અને આ આરોગ્ય કેન્દ્ર માં ફરજ બજાવતા કર્મચારીઓ માટે સ્ટાફ ક્વાર્ટસ પણ બનાવાયા છે આરોગ્ય કેન્દ્ર બનાવ્યા પછી આસપાસ ના પ્રજાજનો ખૂબ સારી રીતે આ આરોગ્ય કેન્દ્ર નો લાભ પણ મેળવી રહ્યા છે પરંતુ જેમ માણસ બીમાર પડે તો આવા આરોગ્ય કેન્દ્ર માં સારવાર કરાવી સાજા થાય છે તો બીમારી દૂર કરનાર આરોગ્ય કેન્દ્ર અને જે ફરજ બજાવેછે તેમના ક્વાર્ટસ બીમાર થાય તો ક્યાં જાય આવી જ સ્થિતિ મુનાઈ આરોગ્ય કેન્દ્ર ની જોવા મળી અમે જયારે મુનાઈ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર માં ગયા તો બહાર સુંદર બોર્ડ લગાવવા માં આવ્યું હતું દૂર થી નજર કરીએ તો શહેર ની હોસ્પિટલો કરતા પણ ખુબજ સરસ દેખાતું આ આરોગ્ય કેન્દ્ર નજરે પડ્યું પણ આ આરોગ્ય કેન્દ્ર માં આગળ વધ્યા તો સૌ પ્રથમ અમે આ કેન્દ્ર માં આવેલ મમતા ઘર ની તપાસ કરી ગામડાઓ માં ખાસ ગર્ભવતી સ્ત્રીઓ ને પ્રસુતિ સમયે સારી સારવાર મળી રહે અને સારી રીતે તેમની સમય સર પ્રસુતિ થાય એ ખાસ જરૂરી હોય છે ત્યારે મુનાઈ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર જર્જરિત છે છતાં ક્યાંક ક્યાંક ને ક્યાંક પ્રસુતિ ગૃહ મા ડોક્ટર દ્વારા પ્રસુતિ તો કરાવવા માં આવેછે પરંતુ પ્રસુતિ કરાવ્યા બાદ સુવાવડી સ્ત્રી ને વધુ સારવાર માટે મમતા ઘર માં રાખવા માં આવે છે આ મમતા ઘર ની અમે તપાસ કરી તો મમતા ઘર બિલકુલ કથળેલી હાલત માં જોવા મળ્યું પ્રવેશતા જ બહાર ના ભાગ ના છત ના પોપડા ઉખડી ગયેલા જોવા મળ્યા છત માં લગાવેલ લોખંડ ના સળિયા પણ સળી ગયેલી હાલત માં.જોવા મળ્યા અંદર ના ભાગે પણ છત જર્જરિત અવસ્થા માં જોવા મળી બારી બારણા પણ ઉધઈ થી ખવાઈ ગયેલા જોવા મળ્યા ત્યારે આ આરોગ્ય કેન્દ્ર માં દર મહિને ૧૫ થી ૨૦ પ્રસુતિ કરાવવા માં આવે છે અને આ તમામ ને આ મમતા ઘર માં રાખવા માં આવે છે ત્યારે આવા મમતા ઘર ની કથળેલી પરિસ્થિતિ ને કારણે આ દુનિયા માં પ્રસુતિ દ્વારા જન્મ લેનાર બાળક કદાચ આવા લટકતા મોત જેવા મમતા ઘર ધરાશાઈ થાય તો તરત જ મોત નીપજે તેવી પરિસ્થિતિ જોવા મળી

મુનાઈ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ના મમતા ઘર નું રિયાલિટી ચેક કર્યા બાદ આ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર માં દર્દીઓ ને સારવાર આપનાર મુખ્ય આધારભૂત જે કર્મચારીઓ છે કે જેઓ આ કેન્દ્ર માં બનાવેલ સ્ટાફ ક્વાર્ટસ માં રહી પોતાની ફરજ બજાવે છે તે ક્વાર્ટસ ની પરિસ્થિતિ વિશે જાણવા નો પ્રયત્ન કર્યો તો બહાર થી જ આ જર્જરિત ક્વાર્ટસ જોવા મળ્યા બહાર મોટી મોટી તિરાડો પડી ગઈ હતી દીવાલો માં પણ ઈંટો ઓગળી ને બહાર આવી ગયેલી જોવા મળી અને બહાર ની સ્થિતિ જોયા પછી કોઈપણ વ્યક્તિ એ વાત ને સમજી શકે છે કે અંદર થી આ ક્વાર્ટસ ની કેવી પરિસ્થિતિ હશે ?

મુનાઈ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર માં કર્મચારીઓને રહેવા માટે બનાવેલ સ્ટાફ ક્વાર્ટરસ ની બહાર ની સ્થિતિ જોયા પછી અંદર ની સ્થિતિ ની તપાસ કરી તો પ્રવેશતા જ ઉપર નીચે બધે જ દીવાલો છત અને બારી બારણાં ખુબ જ સળી ગયેલા અને કથળેલ હાલત માં જોવા મળ્યા પહેલો રૂમ જાણે ખંડેર હોય તેવા દ્રશ્યો જોવા મળ્યા ક્વાર્ટસ નો નીચેનો માળ જોયા પછી ઉપર ના માળે ગયા તો સીડી ના પગથિયાં માંથી જ ગતિશીલ ગુજરાત ના વરવા દ્રશ્યો જોવા મળ્યા અસંખ્ય પક્ષીઓ એ પોતાનો માળો બનાવવા માટે લાકડા ની સડીયો એકઠી કરેલી જોવા મળી વધુ ઉપરના ભાગે તપાસ હાથ ધરવા માં આવી તો ઉપરના માળે આવેલા ક્વાર્ટસ ના રસોડા ની મુલાકાત લીધી તો રસોડા માં પણ કોઈ જ સ્થાન એવું નહોતુ કે જે સુરક્ષિત હોય તમામ જગ્યા એ દુર્ઘટના સર્જાય એવા દ્રશ્યો જોવા મળ્યા હતા.